بسم الله الرحمن الرحيم

# નવમું વાઅઝ

૧૦ મોહર્રમુલ હરામ ૧૪૪૦ હિ

દારુસ સકીના મુંબઈ

## સૈયદના તાહેર ફખરુદ્દીન ત.ઉ.શ.

વાઅઝ સારાંશ

આશુરા ના દિન માં આકા મૌલા એ મુમિનીન ને ખિતાબ માં ફરમાવ્યું કે એ અલ્લાહ ના ઈબાદ મુમિનીન. મોહમ્મદ અલી  ફાતેમા હસન અને હુસૈન ના ફરઝંદો અઈમ્મત તાહેરીન તૈયેબ ઇમામ ના આબા અને અબના અને એ સગલા ના નેમલ વારિસ તૈયેબુલ અસર, અને એના દોઆત મૌલાના ઝોએબ સી મૌલાના ખુઝૈમા કુત્બુદ્દીન લગ અને તમારા ઝમાન ના દાઈ મમલૂકો આલે મોહમ્મદ, એ સગલા ની મોહબ્બત ના કરનાર લોગો.

ઇમામ સાદિક સી જે ઝિકર આવી છે કે કિતનાક ખુદા ના મલાએકત સૈયાહીન છે એને મૌલાના એ ઇમામ હુસૈન ની અઝા ની મજલિસ ની શું શાન છે એના સાથે વસલ કીધી. જે મુમિનીન એ મજલિસ માં હાઝિર થાય છે એના વાસ્તે આ મલાએકત સવાબ અને જઝા નો ઝખીરો લખી દે છે. સૈયદના તાહેર સૈફુદ્દીન વાઅઝ માં ફરમાવે છે કે મલાએકત હાઝિર થઇ ને હુસૈન ની ઝિકર સુને છે અને મુમિનીન ના જે આંસુ નિકલે છે એ

જમે કરી દે છે અને ઝખીરો કરી દે છે. અને તમને (મુમિનીન ને) એ આંસુ કયામત ના દિન કામ લાગશે.

મૌલાના એ સૈયદનલ મોઅય્યદુશ શીરાઝી ના કસીદા "યા સબાહલ ખમીસ" ની અબિયાત પઢી અને ઇમામ હુસૈન ની ઝિકર ના સાથે વસલ કરી ને બયાન ફરમાવ્યું.

આકા મૌલા એ ફરમાવ્યું કે આજે હુસૈન નો દિન છે, આશુરા ના દિન ની ફજેર છે. એ ફજેર માં અપને હુસૈન ની ઝિકર કરવાને આયા છે. એમ બયાન આવ્યું કે આશુરા હુઝુન ની ઈદ છે. એમાં દીન નું શમલ જામે થાય. સગલા હુસૈન ની મજલિસ માં હાઝિર થાય અને જે ઇમામુઝ ઝમાન, જામે ઉસ શમલ યા સતર માં એના દાઈ ની મજલિસ છે, એ સૈયદુલ મજાલિસ છે. અશરા આવતા રહે, એમાં હમેં જન્નત ના ફળો ખાઈએ છે, હુસૈન ના સબબ.

જન્નત ના જવાનો ના સરદાર હુસૈન છે. અને આપ ૩ દિન ભૂખા પ્યાસા છે મગર સગલા ને ઈલ્મ નું પાની પિલાવે છે. જે વખત સગલા શહીદ થાય છે એહને આ સાકીએ કૌસર, કૌસર ના જામ પિલાવે છે.

સાહેબુલ અસર હુસૈન કયા રુતબા સી સગલા ને ખાસ કરે છે કે જન્નત માં પહોંચાવી દીધા. જન્નત ના મનાઝિલ બતાવી દીધા. એક એક શહીદ થાય. હુસૈન એના નઝદીક આવી ને આ આયત પઢે છે - "મિનલ મુમિનીન રિજાલુન સદકુ.... " એવા લોગો કે જે ખુદા ને એહેદ આપો એ વફા કીધો. એમાં જે શહીદ થયા અને જે ઈન્તિઝાર કરે છે, હવે શહીદ થશે, તે સગલા. કોઈ તબદીલ ન કીધી, હક ના અકીદા પર સાબિત રહ્યા.

સૈયદના અબ્દેઅલી સૈફુદ્દીન ફરમાવે છે કે હમને ઇમામ સ.અ. એ ઈતલાક નો રુતબો, નિયાબત નું શરફ આપું છે. બદર ઓહોદ અને કરબલા ના શોહદા

કરતા હમારો મંઝેલત કઈ કમ નથી. હમે ભી હુસૈન પર, એના શેહઝાદા ઇમામુઝ ઝમાન પર ફિદા છે.

મૌલાના એ ઇમામ હુસૈન ની મોહબ્બત તરફ રગબત દિલાવતા હુવા અબી હુરૈરા સી જે ઝિકર આવી છે કે એક ફરઝંદ ઇમામ હુસૈન ના કદમ ની ખાક લઇ ને એના ચેહરા પર મસેહ કરતા, એ રસૂલુલ્લાહ એ દેખું તો આપ એને ગોદ માં લઇ ને ઘણી શફકત કરતા. જિબ્રઈલ એ રસૂલુલ્લાહ ને ખબર કીધી હતી કે આ ખૈર લોગો માં સી થશે અને હુસૈન ના અન્સાર (યારી દેન) માં સી થશે અને કરબલા માં હુસૈન પર ફિદા થશે.

હુસૈન મોજિઝાત ના સાહેબ છે. આપ એ એક નૌજવાન ના માં ને, જે એ પોતાની વિરાસત તકસીમ નોહતી કીધી અને એના દીકરા ને કહ્યું હતું કે માલ ની ખબર કરા પહેલા હુસૈન ને અરઝ કરે. તાકે હુસૈન ઇમામ

મસીહુઝ ઝમાન એના ઘરે પધારી ને એને ઝિંદા કીધા, એ ઝિકર ફરમાવી.

અજબ શાન ના મોજીઝા દિખાયા છે. આજ તક હુસૈન નો મોજીઝો છે. અપને મુમિન છે એ હુસૈન નો મોજીઝો છે.

મૌલાના એ હુસૈન ની મજલિસ માં કુરાન ની આ આયત ની તિલાવત કીધી અને એના 3 વજેહ જે સૈયદના તાહેર સૈફુદ્દીન એ બયાન કીધા છે એમાં સી બરકત લઇ ને બયાન ફરમાવ્યું.

આયત :

الذين يحملون العرش ومن حوله...

૧. વજેહ

હમલતુલ અર્શ કોન કે મૌલાના અલી ના પેશ્તર જે ૮ અવસિયા થયા.

2 વજેહ:

મૌલાના અલી ના અર્શ ના હમલત કોન કે મૌલાતોના ફાતેમા સી કે ઇમામ મોહમ્મદ બિન ઇસ્માઇલ.

3 વજેહ:

તૈયેબ ઇમામ પરદા માં છે, એના અર્શ ને કોણ ઉઠાવે છે કે એના દોઆત મુત્લકીન. એ હમલતુલ અર્શ છે. "વમન હૌલહુ" કોન કે હુદૂદ ફોઝોલા કિરામ. એ સગલા નું અમલ શું છે કે ખુદા નો હમ્દ કરે છે અને મુમિનીન વાસ્તે ઇસ્તિગફાર કરે છે. દોઆ કરે છે કે સગલા ને ખુદા જન્નત માં દાખિલ કરે. આગ સી બચાવે તાકે ફૌઝે અઝીમ અને રેહમત મિલે.

મૌલાના એ દોઆત મુત્લકીન ના નામો ની તસબીહ કીધી અને એ સગલા ના ફઝાઈલ અને શાનાત ની મુખ્તસર ઝિકર કીધી અને સૈયદના કુત્બુદ્દીન શહીદ ની શહાદત પઢી.

આકા મૌલા એ ૫૧ માં દાઈ સૈયદના તાહેર સૈફુદ્દીન ની ઝિકર માં ફરમાવ્યું કે આપની ઝિકર તો હર વાઅઝ માં થાયજ છે. આપનો મકામ કેવો કે શમસુદ દોઆતિલ મુત્લકીન (દોઆત ના દરમિયાન સૂરજ ની મિસલ). આપના રસાઈલ, વાઅઝો, સબકો અજબ શાન ના. મુમિનીન પર ઘની શફકત, રાતો જાગી જાગી ને મુમિનીન ને આપ એ નવાઝા છે. ૫૩ વર્ષ તક ઇમામ ની ખિદમત કીધી છે.

૫૨ માં દાઈ સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન, આપ ના નૂરાની ચેહરા ને યાદ કરીએ છે. હુસૈન ની ઝિકર અજબ વલવલા અને ગમ સી કરતા. આપ દોઆઓ કરતા, ફરમાવતા કે મારા ઉપર વાજિબ છે, કઈ

એહસાન નથી કરતો. એ મૌલા ની નઝરાત માં, દોઆઓ, શફકત માં મ્હોટા થયા, એની ખિદમત કીધી.

૫૩ માં દાઈ સૈયદના ખુઝૈમા કુત્બુદ્દીન આકા. કોઈ વાઅઝ નહિ હોતી મગર એમાં આપની ઝિકર હોઈ છે. હક ની દાવત ના અલમ (નિશાન) ને આસમાન માં ગારી ને ગયા. હક ની હુજ્જત કરી ને ગયા. હક ની હુજ્જત કરી ને દુશ્મનો ની સગલી હુજજતો ને તોડી નાખી.

મૌલાના એ પોતાની ઝિકર  કરતા હુવા ફરમાવ્યું કે સૈયદના કુત્બુદ્દીન એ મમલૂકો આલે મોહમ્મદ ને ઇમામ ની તાઈદ સી કાયમ કીધા છે. તમારા દરમિયાન મૂકી ને સિધારા છે તાકે ઇમામ હુસૈન ની ઝિકર, ઇમામુઝ ઝમાન ની ઝિકર કરૂં અને તમને સગલા ને કુદુસ ના કાંઠે પહોંચાવી દઉ.

વમન હૌલહુ, એ કોણ કે દોઆત ના શાન ના હુદૂદ ફ઼ોઝોલા કિરામ થયા. કેવી જાફિશાની કીધી અને ફિદા થયા છે. એમાં સી કિતનાક સાહેબો ની ઝિકાર આકા મૌલા એ ફરમાવી.

મૌલાના એ મૌએઝત કરતા હુવા ફરમાવ્યું કે રસૂલુલ્લાહ ફરમાવે છે કે બંદા નું ઈમાન તમામ નહિ થાતું જહાં તક કે એમાં આ ૫ ખસલત હોઈ :

૧. ખુદા પર ભરોસો
૨. ખુદા ની તરફ અમર સોંપી દેવું. ખુદા ચાહે તેમ કબૂલ કરે.
૩. ખુદા ના અમર ને તસલીમ કરે.
૪. ખુદા ની કઝા હોઈ એમાં ખુશ થઇ જાય.
૫. બલા હોઈ તો એના પર સબર કરે અને ખુદા ના નઝદીક દોઆ કરે.

હમ્દ સલવાત ના બાદ ઇમામ હુસૈન ની શહાદત પર મૌલાના એ વાઅઝ મુબારક તમામ કીધી.